ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૧૭ ટકા

# શહેરમાં આગના બે બનાવ





ગાંધીનગર, તા. ૨

ઉનાળાનો પ્રારંભ થતા જ શહેરમાં આગ લાગવાના બનાવમાં વધારો થવા પામ્યો છે. શહેરમાં આંતરે દિવસે આગનો કિસ્સો સામે આવે છે. ત્યારે ગુરુવારના રોજ સાંજના સુમારે શહેરમાં બે સ્થાનો પર આગ લાગવાના બનાવ બન્યા હતા. જેમાં ફાયર બ્રિગેડને કોલ મળતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો બંન્ને બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી.

ગાંધીનગર શહેરના ઘ-૭ પ્રેસ સર્કલ પાસે છાપરામાં રહેતા સુમિત્રાબેન કટારીયા સાંજના સુમારે નાનકડા ગેસ સિલિન્ડર પર રસોઈ બનાવી રહ્યા હતા તે દરમિયાન અચાનક ગેસનો બાટલો સળગી ઉઠ્યો હતો. જેને પગલે રસોઈ બનાવતા સુમિત્રા બેન દુર ભાગી ગયા હતા અને અન્ય નાગરીકોને પણ દુર જતા રહેવાની સલાહ આપી હતી. જો કે બનાવની જાણ તાત્કાલીક ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયરના અધિકારી મહેશ મોડની ટીમ પહોંચી ગઈ હતી અને ગેસના બાટલા પર એસ્ટીગ્યુઝરનો ઉપયોગ કરી આગ પર કાબુ મેળવી લીધો હતા. જયારે આગ પર કાબુ મેળવતી વખતે ગેસનો બાટલો ફુટ્યો હતો. પરંતુ કોઈ જાનહાની થવા પામી નથી.

જયારે બીજી ઘટના સાંજના ૬ વાગ્યાના અરસામાં બનવા પામી હતી.જેમાં કુડાસણ ખાતે આવેલી પ્રથમ રેસીડન્સીના મીટર બોક્ષમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગને પગલે રહીશોમાં દોડધામ મચી જવા પામી હતી. આગ વધુ પ્રસરે તે પહેલા ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયરના જવાનો પહોંચી ગયા હતા અને આગ પર પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. આ આગમાં અંદાજીત ૧૦ જેટલા મીટર બોક્ષ બળીને સ્વાહા થઈ ગયા હતા. જયારે આગ કયા કારણોસર લાગી તેનું પ્રાથમિક કારણ જાણી શકાયુ નથી. પરંતુ પ્રથમ રેસીડન્સીના મીટરબોક્ષમાં આગ વિજળીના વધુ પડતા વપરાશને પગલે ઓવરલોડનો કારણે લાગી હોવાનું ફાયર તંત્રનું પ્રાથમિક અનુમાન છે. જયારે આગનું સાચુ કારણ તો તપાસ બાદ જ જાણી શકાશે.

# સે-૨૯ આંબાના વૃક્ષ પર દોરીમાં ફસાયેલા કાગડાને બચાવાયો



ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે આવેલા આંબાના વૃક્ષ પર પતંગની દોરીમાં કાગડો ફસાઈ ગયો હતો. સ્થાનિક નાગરીકોએ અનેક સંસ્થાનો સંપર્ક કરતા યોગ્ય પ્રત્યુતર મળ્યો ન હતો. આખરે રહીશોએ ફાયર બ્રિગેડને જાણ કરતા ગણતરીની મીનીટમાં ફાયર જવાનોએ કાગડાને પતંગની દોરીમાંથી મુકત કરી સારવાર આપી ઉંચે આકાશમાં ઉડાન ભરાવી હતી.

પતંગની દોરી પક્ષીઓ માટે ઘાતક નીવડે છે. પક્ષીઓની પાંખમાં દોરી ફસાઈ જતા પક્ષીઓની હાલત કફોડી બની જાય છે. દોરીમાંથી ન નીકળી શકતા કેટલાક પક્ષીઓના મૃત્યું નિપજે છે. ત્યારે પક્ષી પ્રેમીઓ દ્વારા ઉતરાયણના પર્વમાં પક્ષીઓ આકાશમાં વિહરતા હોય ત્યારે એટલે કે સવારે તેમજ સાંજે પતંગ નહી ઉડાડવા માટે અપીલ કરવામાં આવે છે. ઉતરાયણ પર્વમાં અનેક સેવાકીય સામાજીક અને સ્વૈચ્છીક સંસ્થાઓ મેદાનમાં આવી જાય છે. વૃક્ષ પરતી દોરીના ગુંચડા પણ ઉતારી દેવામાં આવે છે. તેમ છતા કોઈ જગ્યાએ રહી જાય તો પક્ષી ફસાઈ જવાના કિસ્સા સામે આવતા હોય છે. ત્યારે આજે સવારના સમયે સેકટર-૨૯ ખાતે આંબાના વૃક્ષ પર દોરીમાં કાગડો ફસાઈ જતા પક્ષી પ્રેમીઓ અને વસાહતીઓ એકઠા થઈગયા હતા. દરેક વ્યકિતએ પોતાની ઓળખાણ અનુસાર પક્ષીપ્રેમી સંસ્થાઓને તેમજ સેવાકીય સંસ્થાઓને ફોન કર્યા હતા.પરંતુ કોઈ પણ પ્રત્યુતર ન મળતા આખરે વસાહતીઓએ કંટાળીને ફાયર બ્રિગેડને કોલ કર્યો હતો. ફાયરની ટીમના જવાનો તાત્કાલીક સે-૨૯ ખાતે પહોંચી ગયા હતા અને આંબાના વૃક્ષ પર ફસાયેલા કાગડાને ગણતરીની મીનીટમાં દોરીમાંથી મુકત કર્યો હતો. કાગડાને ઈજા પહોંચી હોવાથી સારવાર કરાવતા તેને આકાશમાં ઉડાન ભરી હતી. જયારે દોઢ કલાકથી કાગડો દોરીમાં ફસાયેલો રહેતા હેરાન થઈ ગયો હતો. જયારે શહેરની કહેવાતી જાણીતી સંસ્થાઓએ કાગડાને બચાવવા માટે રસ ન દાખવતા સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળ્યો હતો.



# સે-૪-બીમાં કોમન પ્લોટમાં નડતરરૂપ જોખમી બિન ઉપયોગી વીજપોલ હટાવવા માંગ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૪-બીમાં કોમન પ્લોટમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઉપયોગ વગરનો વીજપોલ નડતરરુપ અને જોખમી બનેલ છે જેને હટાવવા વસાહતીઓમાં માંગ ઉઠવા પામી છે. એક તરફ પાટનગરનો સમાવેશ સ્માર્ટ સીટીમાં કરવામાં આવ્યો છે પરંતુ બીજી તરફ શહેરમાં અનેક વીજપોલ જોખમી સ્થિતિમાં હોય તથા સેકટરના માર્ગો પરના સાઈનબોર્ડ કટાઈ ગયેલી હાલતમાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે પાટનગર ખરેખર સ્માર્ટ સીટી બનશે કે કેમ તે અંગે શંકાઓ સેવાઈ રહી છે.

સેકટર-૪-બીમાં કોમન પ્લોટમાં વર્ષો પહેલા એક બોરવેલ બનાવાયો હતો જે માટે વીજ કનેકશન લેવાયું હતું જેની વીજડીપી સાથે થાંભલાની જોડ ઉભી કરવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી આ બોરવેલ બંધ કરી દેવાયો છે તેથી વીજડીપી પણ બંધ કરી દેવાઈ છે પરંતુ હજુ પણ પેલી વીજ થાંભલાની જોડ જેમની તેમ ઉભી છે જેને કાટ પણ લાગી ચુકયો છે અને તેની પર નકામી વનસ્પતિના વેલા ચઢી ગયા છે અને વીજપોલ જોખમી હાલતમાં જણાઈ રહ્યા છે. કોમન પ્લોટમાં નડતરરૂપ તેમજ જોખમી વીજપોલની જોડ જો હટાવી લેવાય તો કોમનપ્લોટની જગ્યાને સામાજિક પ્રસંગ માટે વસાહતીઓ સારી રીતે ઉપયોગ કરી શકે તે હેતુથી સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા વિદ્યાર્થી કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

## જેમાં ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ તથા યુપીએસસી-જીપીએસસી વર્ગ ૧/૨ અને ૩ની પરીક્ષા અંગે માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા.૨

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે યુપીએસસી-જીપીએસસી વર્ગ ૧/૨ તેમજ વર્ગ-૩ની અન્ય પરીક્ષાઓ તેમજ ધોરણ-૯ થી ૧૨ પછી શું? કારકિર્દી ઘડતરના વિવિધ કાર્યક્રમોનું આયોજન શનિવાર તથા રવિવારના રોજ કરવામાં આવ્યું છે.

છેલ્લા ૨૦ વર્ષથી સમગ્ર રાજયના રાજપૂત વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરનું કાર્ય કરતી સંસ્થા જેણે છેલ્લા ૨૦ વર્ષમાં આશરે ૧૦,૦૦૦ કર્મચારીઓની ભેટ રાજય સરકારને આપી છે. સંસ્થા દ્વારા તા. ૪મેના રોજ સવારે ૧૦ થી ૧ દરમિયાન સે-૧૭ સ્થિત કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ બ્લોક નં. ૧૪૬/૪ ચ ટાઈપ ખાતે વર્ગ-૩ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શનનો સેમિનાર તથા બપોરે ૨થી ૫ દરમિયાન લેકાવાડા સ્થિત દશરથબા મહેન્દ્રસિંહ પરમાર રાજપૂત આઈએએસ કેરિયર એકેડેમી ખાતે જીપીએસસી વર્ગ ૧/૨ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન શિબિર યોજવામાં આવી છે. આ ઉપરાંત તા. ૫ મેના રોજ સવારે ૧૦ થી ૧ દરમિયાન લેકાવાડા સ્થિત દશરથબા મહેન્દ્રસિંહ પરમાર રાજપૂત આઈએએસ કેરિયર એકેડેમી ખાતે ધો-૧૦ અને ૧૨ પછી કારકિર્દીનું ઘડતર શિબિર યોજાશે. સંસ્થા દ્વારા સમગ્ર રાજપૂત સમાજના વિદ્યાર્થીઓ અને વાલીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા તથા વધુ માહિતી માટે રમજૂભા જાડેજા ૯૯૨૫૨૧૦૭૦૫, જશવંતસિંહ ગોહિલ ૯૪૨૬૪૧૨૮૩૨, અશોકસિંહ પરમાર ૯૯૭૮૪૦૭૩૦૮નો સંપર્ક કરવા જણાવાયું છે.



# વૃધ્ધાશ્રમના વડિલોને જમાડી જન્મદિવસ ઉજવ્યો

અશકત અને જરૂરિયાતમંદ વયોવૃધ્ધ વડિલોની આંતરડી ઠારવી તેનાથી મોટું કોઈ પુણ્યનું કામ ના હોઈ શકે અને જયારે કોઈ યુવાન પોતાના જન્મદિવસની ઉજવણી આવા પુણ્યકાર્ય થકી કરે તો તેનાથી યોગ્ય ઉજવણી બીજી કોઈ હોઈ ના શકે. શહેરના યુથ કોંગ્રેસના મહામંત્રી તાહિર પરમારે તેમના જન્મદિવસની ઉજવણી સેકટર-૬માં ક્રિષ્ના વૃધ્ધાશ્રમના ૬૦થી વધુ વડિલોને ભાવપૂર્વક જમાડીને કરી હતી તેમની સેવા ભાવનાથી પ્રભાવિત થઈ વડિલોએ તેમને આશીર્વાદ પાઠવ્યા હતા.

# મહિલા વકીલ માટે કેન્સર જાગૃતતા વાર્તાલાપ યોજાયો



ગાંધીનગર, તા.૨

કેન્સર વિશે મનાતી ભ્રામક માન્યતાઓ શિક્ષિત લોકોમાં પણ જોવા મળી રહી છે. વિકસતા વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રતાપે ઘણા પ્રકારના કેન્સરની સારવાર શકય બની છે અને જો તેનું નિદાન થાય તો સફળ સારવાર શકય પણ છે જયારે મહિલાઓમાં સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખનું કેન્સરના પ્રમાણ વધુ જોવા મળે છે. મહિલાઓ ડોકટર પાસે જતા શરમના મારે ખચકાતી હોય છે જે સંદર્ભે ગાંધીનગર મહિલા બાર એસોસિએશનના વકીલો માટે સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર સંસ્થાના અમદાવાદ યુનિટ દ્વારા કેન્સરના સમયસર નિદાન, સેલ્ફટેસ્ટ, જાગરૂકતા અને રોગનો પ્રતિકાર વિશે વિસ્તૃત માહિતી આપતો વાર્તાલાપ યોજાયો હતો. જેમાં ઈલાબેન વોરા દ્વારા વિસ્તારપૂર્વક માર્ગદર્શન તથા માહિતી આપવામાં આવી હતી વર્ષાબેન દવે દ્વારા યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા અંગે માહિતી આપવામાં આવી હતી.

# સેકટર-૩ બગીચા પાસે બાળમજૂરી નાબુદી દિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે સેકટર-૩ બગીચા પાસે નગર સેવિકા ઉર્મિલાબેન વર્માના અધ્યક્ષસ્થાને લોકજાગૃતિ શિક્ષણ કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પીએલવી અને જયરામભાઈ સોની દ્વારા બાળમજૂરી પ્રતિબંધન અને નિયમન એકટ ૨૦૧૬ મુજબ બાળકોના અધિકાર, બાળમજૂરી અટકાવવાના પગલા કાયદાના ઉલ્લંઘન બદલ દંડ અને સજા ઉપરાંત જુવેનાઈલ જસ્ટિસ એકટ ૨૦૧૫ મુજબ શિક્ષાની જાણકારી આપવામાં આવી હતી. આવા કિસ્સાજાણમાં આવે ત્યારે ચાઈલ્ડ હેલ્પલાઈન, નજીકના પોલીસમથક, સમાજસુરક્ષા વિભાગ કે મદદનીશ શ્રમ આયોગને તુરંત જાણકારી બાળકોને પ્રાપ્ત શિક્ષણનો અધિકાર અપાવવા અનુરોધ કર્યો હતો.

# રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા Be The Inspiration થીમ પર એક વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૨

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા **Be The Inspiration** આધારિત ''જીવન અંજલી થાજો'' વિષય પર એક અનોખા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેરના જાણીતા સાહિત્યકાર, સમાજસેવક અને ૩૪ વર્ષની લાંબી સરકારી કચેરીમાં સેવા આપી સંયુક્ત માહિતી નિયામક તરીકે નિવૃત થયેલ પ્રજ્ઞાબેન પટેલે ઉપસ્થિત રહી પોતાના જીવનની શરૂઆતથી લઈ નિવૃત્તિ સુધીના સંઘર્ષ, અને વિવિધ સેવાકીય પ્રવૃતિનાં અનુભવોની વિસ્તૃત વાત કરી હતી.

''જીવન અંજલી થાજો'' વિષય પર વાત કરતા સાદગી સભર જીવન જીવતા બેનશ્રીએ જણાવ્યુ કે લોકસેવા એજ પ્રભુસેવા છે. જયાં પ્રાર્થનાને ફકત ગાવા કરતા જીવવી જોઈએ. જીવનની શરૂઆતમાં ઘરના વાતાવરણમાંથી સ્વતંત્રતા સાથે જવાબદારી શીખવાડી. કેળવણીની વાત કરતા જણાવ્યું કે બાળકો વર્તનથી વધુ શીખતા હોય છે એટલે મોબાઈલથી તેમને દુર રાખી બાળકોને વિવેક, ખેલદિલી, ખુલાપણુ, પત્ર લેખન અને જવાબદારીના પાઠ શીખવવા જોઈએ. વિવિધ સેવાકીય પ્રવૃત્તિ જેવી કે પુસ્તક પરબ, આત્મન અભિવ્યકિત શિબિર બાળશિબિર, અગરિયા માટેની પ્રવૃત્તિ, શ્રમજીવી વિસ્થારનાં બાળકો અને બહેનો માટે સીવણ ક્લાસ, કમ્પ્યુટર ક્લાસ જેવી અનેક સેવાકીય પ્રવૃતિ કરવાનો આનદ અને સંતોષ વ્યકત કર્યો હતો. છેલ્લે તેમણે જણાવ્યું કે કોઈ પણ પરિવર્તન દંભ, દોઢ- દેખાડાથી નહિ પરંતુ પોતાના કામ (કર્મ), વર્તન અને ભાષાથી લાવી શકાય છે. લાખો સારા વિચાર કરતા નાનું એક સારું કામ વધારે સાર્થક હોય છે. હાજર તમામ પ્રજ્ઞાબેનના વ્યકિતત્વ અને સેવાકીય પ્રવૃતિઓથી ખુબ જ પ્રભાવિત થયા હતા.




સમગ્ર વ્યાખ્યાનમાં રોટરી કલબ વતી રોટે.બાબાસાહેબ, રોટે.આલોક ગુપ્તા, રોટે.ડો. જગદીશ પટેલ, રોટે.અનંતભાઈ, રોટે.ધર્મેન્દ્રભાઈ, રોટે.કુલદીપ જૈન, રોટે.નીલેશભાઈ ગાંધી, રોટે.અલ્કાબેન પટેલ, રોટે. દિલીપભાઈ, રોટે. જીતેન્દ્રભાઈ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રોટે. જોય બક્ષી દ્વારા સ્વાગત કરાયું હતું જયારે રોટે. ડો. ગુંજન જૈન દ્વારા વક્તાશ્રીને મોમેન્ટો આપી અભાર પ્રગટ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી પ્રમુખશ્રી રોટે. અનંતભાઈ પટેલ અને રોટે. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આકરી ગરમીમાં ઠંડા થવા માટે નગરજનોમાં હોટ ફેવરીટ કુલ્લુ-મનાલી

## શિમલા, કુલ્લુ-મનાલી, ગોવા, મહાબળેશ્વર સહિત ગુજરાતના ધાર્મિક સ્થાનો પર વિશેષ બુકિંગ

ગાંધીનગર, તા.૨

કાળઝાળ ગરમીથી શહેરીજન ત્રસ્ત છે. આકરી ગરમીના લીધે નગરજનો કામ સિવાય ઘરની બહાર જવાનું પસંદ કરતા નથી પરંતુ ગરમીની સાથે વેકેશનની મોસમ પણ નીખરી છે ત્યારે છુટ્ટીઓમાં ઠંડા થવા પરિવારજનોમાં કુલ્લુ-મનાલી, શિમલાની ટ્રીપ હોટ ફેવરિટ છે. ઠંડા પ્રદેશ ઉપરાંત ગોવા તેમજ ગોવા-મહાબળેશ્વર સહિત ગુજરાતના ધાર્મિક સ્થાનોનો પણ સમાવેશ થાય છે.



શાળા-કોલેજોમાં રજાઓનો માહોલ બની રહ્યો છે અને બાળકો સાથે વાલીઓ પણ વેકેશનની મજા માણવાનું પસંદ કરી રહ્યા છે. એક બાજુ ગરમીની સિઝન છે અને બીજી બાજુ વેકેશનમાં શહેરીજનો રાત્રે તો સ્વર્ણિમ પાર્ક અને વોક-વે પર દેખાઈ જ રહ્યા છે પરંતુ હવાફેર કરવા માટે તેઓ ગાંધીનગરની બહાર જઈ મજા માણવાનો આગ્રહ રાખે છે. શહેરની ટ્રાવેલ્સ એજન્સીના જણાવ્યા અનુસાર શહેરીજનો સૌથી વધુ સિમલા, કુલ્લુ-મનાલી, ગોવા, મહાબળેશ્વર અને દીવ જવાનું પસંદ કરી રહ્યા છે. આ ઉપરાંત સાઉથ બાજુના ટાપુઓ જોવા જવા માટે બાળકો આગ્રહ રાખે છે. ગુજરાતની અંદરના સ્થળોમાં દ્વારકા, સોમનાથ, સાપુતારા હોટ ફેવરીટ છે. ગુજરાતના સ્થળોની મુસાફરી માટે દરરોજ ૪ થી ૫ બસો મુકવામાં આવી છે અને ગુજરાત બહારના સ્થળો માટે મહિનામાં નક્કી કરેલા ૫ થી ૭ દિવસ બસો ઉપડે છે. અહીંથી સ્થળ પર પહોંચવાની સાથે ત્યાંની ટૂર, રહેવા, જમવાનું બુકિંગ પણ ટ્રાવેલ એજન્સી દ્વારા જ કરી આપવામાં આવે છે. હમણાના સમયમાં ફેમિલી ટુર વધુ થઈ રહી છે. મુખ્યત્વે ગુજરાતની બહારની મુસાફરી વ્યકિત દીઠ પચ્ચીસ હજારથી ત્રીસ હજાર સુધીની હોય છે. આ ઉપરાંત કપલ પેકેજના અલગ ભાવ રાખવામાં આવે છે. તથા ગુજરાતના સ્થળોની મુસાફરીનો ખર્ચ ૩૦૦થી ૧૦૦૦ રૂપિયા સુધીનો હોય છે.

# સમસ્ત જણસારી સમાજ દ્વારા વિના મૂલ્યે ચોપડા વિતરણ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર તાલુકામાં વ્યવસાય/સર્વિસ અને નિવાસ કરતા જણસારી જનક્ષત્રિય સમાજના જ્ઞાતિજનો માટે સંસ્થા દ્વારા વિના મૂલ્યે ચોપડા વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર ચૌહાણ તથા મહેન્દ્રભાઈ કે. ચૌહાણ, સંસ્થાના સભ્યો તથા નવા સભ્યોને સભ્યફોર્મ ભરી સરનામા, ટકાવારી સાથે બાળકની માર્કશીટ સંસ્થાના હોદ્દેદારો તથા કલેકશન સેન્ટર, અનિલ વોચ કું. સે-૨૪ તથા ચાવડા ફૂટવેર મીનાબજાર ખાતે ૩૧મી મે સુધીમાં સમયસર મોકલી આપવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર જયંતિજી મેલાજી, ઉ.વ. ૬૦
- સ્વ. પટેલ નરસિંહભાઈ લક્ષ્મણદાસ, ઉ.વ. ૬૦